**આંક–૦૫**

**અમદાવાદની મજુર અદાલત નં.૪ ના પ્રમુખ અધિકારી શ્રી પી.વી.ધીમર સમક્ષ**

**રીકવરી અરજી નં.૫૬૪/૨૦૨૦**

**અરજદાર :** **શ્રી વિલીયમ પીટર ઉ.વ.૭૦**
ઠે. આરોગ્ય માતા ચર્ચ,
ગાયકવાડ હવેલી રોડ, રાયખડ, અમદાવાદ.
C/o, અખીલ ગુજરાત જનરલ મજદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ.

**વિરુધ્ધ**

**સામાવાળા :** **મે. વહીવટકર્તાશ્રી,**
**માઉન્ટ કાર્મેલ કેથેડેલ ચર્ચ,**
બીશપ હાઉસ, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ કંપાઉન્ડ,
મીરઝાપુર, અમદાવાદ.

**વિષય :–** **આઈ.ડી.એકટ ૧૯૪૭ ની કલમ–૩૩ સી (૨) મુજબ રીકવરી અરજી.**

હાજર રહયા : અરજદાર તરફે : વિ. યુની. પ્રતિનિધિશ્રી વી.કે.કાઝી
સામાવાળાઓ તરફે : વિ. વકીલશ્રી –––

**–: હુકમ :–**

**૧.** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારે હાલની અરજી સામાવાળાઓ સામે કરી અરજી પેરા–૫ માં જણાવેલ રકમ રૂા.૧૨,૦૦૦.૦૦ ૧૨% નાં વ્યાજ સહિત તેમજ ખર્ચનાં રૂા.૫,૦૦૦/– સહિત વસુલ મેળવવા દાદ માંગેલ છે.

**૨.** આ કામ દાખલ થયુ ત્યારથી સામાવાળાઓને બજવણી માટે ચાલી આવેલ છે. આ કામે રેકર્ડ જોતાં પક્ષકારોને નોટીસ ઈસ્યુ કરતા સામાવાળાઓને બજવણી થઈ ગયેલ છે. હાલના કામે અરજી દાખલ કર્યા બાદ રોજકામ વંચાણે લેતાં અરજી દાખલ ગયો ત્યાર પછીથી ઘણા લાંબા સમયથી પક્ષકારો હાજર રહેલા નથી. જેથી સામાવાળાના જવાબનો હકક બંધ કરવાની અરજદાર

તરફે તા.૨૦/૧૦/૨૧ ના રોજ આંક–૪ થી અરજી રજુ કરતા સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે અને મુદત તા.૧૬/૧૨/૨૧ ના રોજ અરજદારના પુરાવા માટે આપવામાં આવેલ હતી ત્યારથી સદર કામ અરજદારના પુરાવા માટે તા.૨૯/૦૧/૨૦૨૩ સુધી ચાલી આવેલ હતું. ત્યારથી આમ છતાં અરજદાર તેનો પુરાવો રજુ કરી શકેલ નથી. જેથી તેમના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે અને કામ સામાવાળાનાં પુરાવા માટે લેવામાં આવેલ સામાવાળા તરફે તા.૨૦/૦૪/૨૦૨૩ થી તા.૧૬/૦૯/૨૦૨૩ સુધી પુરાવો રજુ ન કરતાં સામાવાળાનો પુરાવાનો હકક તા.૧૬/૦૯/૨૩ ના રોજ બંધ કરવામાં આવેલ છે. બાદમાં સદર કામ દલીલો માટે તા.૨૫/૧૧/૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ હતું. ત્યારથી તા.૧૫/૦૩/૨૦૨૪ સુધી ૪ મુદતો આપવા છતાં દલીલો ન કરતાં દલીલોનો હકક બંધ કરી કામ હુકમ માટે લેવામાં આવેલ છે.

**૩.** આમ, સદર કામ અરજદારના પુરાવા ઉપર મુકવામાં આવ્યુ ત્યારથી અરજદારે હાજર રહી પુરાવો રજુ કરવાની કોઈ દરકાર રાખેલ નથી, જેથી અરજદારને તેના કેસમાં કોઈપણ પ્રકારનો રસ હોય તેવુ જણાઈ આવતું નથી. સદર અરજી સને ૨૦૨૦ ની છે આમ ૪ વર્ષ જુની અરજી છે. વધુમાં અરજદાર જાતે આ કામે સતત ગેરહાજર રહેતા આવેલા હોય ત્યારે સદરહુ અરજીના વિશેષ ગુણદોષમાં ન ઉતરતા અરજદારની સતત ગેરહાજરી ના કારણે તથા પુરાવાનાં અભાવે અરજદારને હાલની અરજી આગળ ચલાવવામાં રસ ન હોવાનું આ અદાલતને માનવાને સંપૂર્ણ કારણ છે જેથી અરજદારની હાલની અરજી નામંજુર કરવાનું ન્યાયિક જણાતુ હોય નીચ મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: આ ખ રી હુ ક મ :–</u>**

**૧.** અરજદારની હાલની રીકવરી અરજી ઉપરોકતમાં વિગતવાર ચર્ચા લક્ષમાં લેતાં અરજદારની કસુરનાં કારણે તેમજ ગેરહાજરી તથા પુરાવાના અભાવે નામંજુર કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી ,સહી કરી જાહેર કર્યો.

**તારીખ :૧૬ /૦૩/૨૦૨૪.**
**સ્થળ: અમદાવાદ.**

પ્રદીપકુમાર વસંતલાલ ધીમર
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ નં.૫, અમદાવાદ.
**CODE : GJ01488**